


## બે ધારાસભ્યએ ટિકિટ ન મળતાં અપક્ષ ફોર્મ ભર્યા

# અમીનને ટિકિટ નહીં મળતા શહેર હોદ્દેદારોના રાજીનામાં

### નરહરિ અમીનને મનાવવા છેક સુધીના પ્રયાસો કરાયા, અમીનના સમર્થકો કોંગ્રેસ વિરુદ્ધ લડી લેવાના ઉગ્ર મુડમાં

અમદાવાદ, તા. ૩૦ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાં ટિકિટ નહીં મળવાને કારણે યાદવાસ્થળી સર્જાઇ છે. કોંગ્રેસના જ દિગ્ગજ ગણાતા નેતા નરહરિ અમીનને ગાંધીનગરના દક્ષિણની બેઠક પરથી ટિકિટ નહીં મળતા અમદાવાદ શહેર કોંગ્રેસના શહેર પ્રમુખ પંકજ શાહ તથા ૪૫ જેટલા વોર્ડ પ્રમુખો, વિધાનસભાના વિસ્તારના મોટાભાગના પ્રમુખો તેમજ ૧૨ જેટલાં કોર્પોરેટરોએ પક્ષ પ્રમુખને રાજીનામાં ધરી દીધા છે. તો બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્યો સાબીર કાબલીવાલાને જમાલપુર-ખાડીયાની ટિકિટ ન અપાતા અને ધારાસભ્ય ફારૂક શેખને દરિયાપુરની ટિકિટ ન અપાતા આ બન્ને ધારાસભ્યોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીને ગાંધીનગર દક્ષિણની બેઠક પર ટિકિટ માંગી હતી. પણ બે વાર હારેલા ઉમેદવારોને ટિકિટ નહીં આપવાના પક્ષના નિર્ણયને કારણે નરહરિ અમીનને ટિકિટ નહીં અપાતા અમીનના સમર્થકોએ ભારે વિરોધ કર્યો હતો. એક તબક્કે નરહરિ અમીન ભાજપમાં જોડાઇ રહ્યા છે અને મુખ્યમંત્રી સાથે સંપર્કમાં છે એવી વાતો પણ વહેતી થઇ હતી. નરહરિના સમર્થકોએ સાબરમતી, નારણપુરા, ઘાટલોડિયા અને એલિસબ્રિજના ઉણેદવારોએ પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાનું વલણ અપનાવતા કોંગ્રેસમાં ભાગદોડ મચી ગઇ હતી. અને નરહરિને મનાવવા માટે ડેમેજ કન્ટ્રોલની કવાયત હાથ ધરી હતી. નરહરિને મનાવવાનો એપિસોડ આખી રાત ચાલ્યો હતો. બીજી બાજુ નરહરિના સમર્થકો કેસરિયા કરવાના મુડમાં હતા. આખરે આજે બપોરે નરહરિ અમીને કોંગ્રેસ નહીં છોડવાનું કહ્યું હતું. જો કે નરહરિ અમીન આખરે શું કરશે એની અટકળો ચાલી રહી છે. કોંગ્રેસના જમાલપુરના ધારાસભ્ય સાબીર કાબલીવાલને ટિકિટ ન અપાતા તેમણે કોંગ્રેસ પક્ષ છોડવાની જાહેરાત કરીને અપક્ષ તરીકે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે જ્યારે કાળુપુરના ધારાસભ્ય ફારૂક શેખને ટિકિટ નહીં અપાતા તેમણે દરિયાપુર બેઠક પરથી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. કોંગ્રેસમાં ટિકિટને મામલે ઠેર ઠેરથી વિરોધ થયો છે. ચૂંટણી કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવશે એવા એંધાણ વર્તાઇ રહ્યા છે.



### કોંગ્રેસનું મોવડી મંડળ પક્ષ તોડવાનું કામ કરે છે

પ્રદેશ કોંગ્રેસ અગ્રણી નરહરિ અમીને જણાવ્યું હતું કે, પાર્ટીએ મને ટિકિટ ન આપતાં મારા સમર્થકો દુઃખી થયા છે. આખા ગુજરાતના મારા સમર્થક એવા આગેવાનો મળી રહ્યા છીએ. અને હવે શું પગલાં લેવા તેનો નિર્ણય કરીશું. તેમણે કહ્યું હતું કે, મને ટિકિટ ન આપતા મારા સમર્થકો એવા પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોએ રાજીનામા આપી દીધા છે. કોંગ્રેસનું મોવડીમંડળ કોંગ્રેસ પક્ષને જ તોડવાનું કામ કરી રહી છે. સર્વેના આધારે કોને ટિકિટ આપવી એવો નિર્ણય લેવાયો. આ ગણિત કોંગ્રેસનું ખોટું પડશે. કોંગ્રેસ પક્ષને ખતમ કરવા માટે જ કોઇ રમત રમી રહ્યું છે. આજે કોંગ્રેસમાં છેલ્લી ઘડીએ મેન્ડેટ બદલવા પડ્યા એવા અનેક બનાવો બન્યા છે. પાર્ટીના નેતાઓ પણ કાર્યકરોને મળતા નથી. હવે હું કોંગ્રેસમાંથી નિષ્ક્રિય બની ગયો છું. હવે શું કરવું એનો નિર્ણય ટૂંક સમયમાં કરીશ.

### ભાજપે ટિકિટ આપતા આશ્ચર્ય ફેલાયું

## સંખ્યાબંધ ગુનાના આરોપી પ્રવીણસિંહ ગોધરામાંથી લડશે

### પ્રવીણસિંહ પંચમહાલના ભાજપના સાંસદ પ્રભાતસિંહ ચોહાણના પુત્ર છે : તેમની સામે ૧૫ કેસો નોંધાયેલા છે

અમદાવાદ, તા.૩૦ પંચમહાલના ભાજપના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના પુત્ર પ્રવીણસિંહ ચૌહાણ સામે દારૂ સહિત અન્ય ગુનાઓના સંખ્યાબંધ કેસો થયા છે ત્યારે ભાજપે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં પ્રવીણસિંહને ગોધરામાંથી ટિકિટ આપતા આશ્ચર્ય સર્જાયું છે.

પ્રવીણસિંહની સામે ૧૫ જેટલા ક્રિમીનલ કેસો નોંધાયેલા છે જેમાં ચોરી, બુટલેગર, પોલીસ પર હુમલો કરવો વગેરેનો સમાવેશ થાય છે. પાસા હેઠળ તેમની ત્રણ વખત ધરપકડ થઈ છે અને તેઓ દાવો કરે છે કે તેમનો આ તમામ કેસોમાંથી છૂટકારો થઈ ગયો છે. તેમની સામે ૧૯૭૯થી ૨૦૦૭ દરમિયાન આ બધા કેસો નોંધાયા હતા. પાસાની કલમ ૨૦૦૫માં અને ૨૦૦૭માં બે વખત લાગુ પડી હતી.

પ્રવીણસિંહે જણાવ્યું હતું કે તમામ કેસોનો નિકાલ આવી ગયો છે અને તેમની સામે હવે કોઈ આરોપ બાકી રહ્યો નથી. ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીથી આજ સુધીમાં મારી સામે કોઈ કેસ નોંધાયો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ તેઓ રાજકીય ક્ષેત્રમાં કારકીર્દી ઘડવા ઈચ્છતા હોવાથી તેમને તમામ કેસોમાંથી મુક્તિ મેળવી લીધી છે. ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીમાં પ્રવીણસિંહના પિતા પ્રભાતસિંહને ભાજપે ટિકિટ આપી હતી અને તેમનો આ ચૂંટણીમાં કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાને હરાવ્યા હતા. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં પ્રભાતસિંહ, પ્રવીણસિંહ અને તેમના પત્ની સુમને ભાજપપાસેટિકિટો માગી હતી. પરિવારને એવી આશા હતી કે તેમને કલોલ અથવા ગોધરામાંથી કમ સે કમ એક ટિકિટ મળશે.

કલોલના વર્તમાન ધારાસભ્ય અરવિંદસિંહ રાઠાડને ભાજપ પડતા મૂકવા માગતું ન હતું આથી તેને પ્રવીણસિંહનો ગોધરામાંથી ટિકિટ આપી છે. હવે પ્રવીણસિંહ કોંગ્રેસના પીઢ નેતા સી કે રાહુલજી સામે ચૂંટણી લડશે. ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ ગોધરાની બેઠક માટે ભાજપમાં આંતરિક જૂથબંધી હોવાથી પ્રવીણસિંહનો તેનો ફાયદો મળ્યો છે. હવે પ્રવીણસિંહનો ટિકિટ આપી હોવાથી બળવો થવાની શક્યતા બહુ ઓછી છે.

## ત્રણ બેઠકો પર કોંગ્રેસે મેન્ડેટ આપતા વિવાદ

### કોંગ્રેસ અને એનસીપીનું જોડાણ તૂટી ગયું

અમદાવાદ, તા. ૩૦ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ગઠબંધન કરાયું હતું. જેમાં એનસીપીને નવ બેઠકો આપવમાં આવી હતી. પણ આજે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લાં દિવસે કોંગ્રેસે કેટલીક બેઠકો પર તેના ઉમેદવારોને મેન્ડેટ આપી દેતા એનસીપી -કોંગ્રેસનું જોડાણ તૂટી ગયું હતું. તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આધારભૂત સૂત્રોના કહેવા મુજબ ઉત્તર ગુજરાતની વાવ બેઠક કોંગ્રેસ એનસીપીને ફાળવી હતી. છતાં છેલ્લી ઘડીએ આ બેઠક પર કોંગ્રેસે ગેનીબેન ઠાકોરને મેન્ડેટ આપી દેતા વાવ બેઠક પરનું એનસીપી-કોંગ્રેસનું ગઠબંધન તૂટી પડ્યું હતું. આ ઉપરાંત શહેરા બેઠક પર પણ કોંગ્રેસ-એનસીપીનું જોડાણ તૂટી પડ્યું છે. આ બેઠક પર કોંગ્રેસે તખતસિંહ સોલંકીને મેન્ડેટ આપ્યું હતું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, વડોદરાની આકોટા બેઠક પણ કોંગ્રેસે એનસીપીને ફાળવી હતી. આ બેઠક પર ભાજપના અગ્રણી અને સરકારના મંત્રી સૌરભ પટેલ આજે એનસીપીએ નબળો ઉમેદવાર મૂકવાની ફરિયાદો ઉઠતાં કોંગ્રેસે લલિત પટેલને મેન્ડેટ આપતા આકોટા બેઠકનું જોડાણ પણ તૂટી પડ્યું હતું. જો કે દેવગઢબારિયા અને કુતિયાણા અને ગોંડલ સહિત બાકીની બેઠકો પર કોંગ્રેસે પોતાના ઉમેદવારોને ઉભા રાખ્યા નથી. પણ ત્રણ બેઠકો પરની કોંગ્રેસ-એનસીપીની સમજૂતિ પડી ભાંગી છે. કોંગ્રેસના સૂત્રોએ એવું કહ્યું હતું કે સ્થાનિક અગ્રણીઓના દબાણને કારણે મેન્ડેટ આપવાની ફરજ પડી છે.

## માણસા બેઠક પર કોંગ્રેસના અમિત ચૌધરીએ ટેકેદારો સાથે ફોર્મ ભર્યું

માણસા, તા.૩૦ વિધાનસભાની ચૂંટણીમાં અમૂક બેઠકોને બાદ કરતા ઘણી બેઠકો ઉપર ભારે ખેંચતાણ બાદ આખરે આજે કોંગ્રેસ પક્ષ તરફથી અમિત હરિભાઈ ચૌધરીનું નામ જાહેર થતા જ કાર્યકરોમાં ખુશીનું મોજું પ્રસરી ગયું હતું તો દાવેદારો થોડા નિરાશ પણ થયા હશે? આજ સવારથી કોંગ્રેસ કાર્યાલયે કાર્યકરોના ટોળા ઉમટી પડયા હતા જેમને અમિત ચૌધરીએ સંબોધ્યા હતા અને બાદમાં ફોર્મ ભરવા ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા વિધાનસભા બેઠક ઉપર ગત પેટા ચૂંટણીમાં કોંગ્રેસના બાબુસિંહ ઠાકોરે ભાજપના ડી.ડી. પટેલને ભારે બહુમતીથી હરાવી જીત મેળવી હતી અને આ પક્ષમાં અત્યારે બધા જ કાર્યકરો ખભે ખભા મિલાવી એક સંપ થઈ અને કામે લાગી ગયા છે આ બેઠક ઉપર કોંગ્રેસની જીત થાય અને આ બેઠક જળવાઈ રહે તે માટે સૌએ એક મત થવાની હાકલ કરી હતી.

આજે છેલ્લા દિવસે હરિભાઈ ચૌધરીના પુત્ર અમિતભાઈને મેન્ડેડ મળતા અભિવાદનની સાથે કાર્યકરો મોટી સંખ્યામાં કાર્યાલયે ઉમટી પડયા હતાં.

## પ્રજા ભાજપનો વિકૃત ચહેરો ઓળખી લે : સુરેશ મહેતા

ગાંધીનગર, તા. ૩૦ ગુજરાત પરિવર્તન પાર્ટીના સિનિયર ઉપાધ્યક્ષ સુરેશભાઈ મહેતા અને ડૉ. એ.કે. પટેલે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદીના ઈશારે ભાજપના નવજોતસિંઘ સિધ્ધુએ કેશુભાઈ પટેલ તથા ગુજરાતીઓનું ચારિત્ર્ય ખંડન કરતા નિવેદનો કર્યા છે. સિધ્ધુએ ભાજપના મંચ પરથી ભાષણમાં કહ્યું છે કે, કેશુભાઈ પટેલ દેશદ્રોહી છે. તેમને મત આપવો એ તો ગૌમાંસ ખાવા બરાબર છે - મોદીના નેતૃત્વમાં ભાજપની માનિસકતા કેટલી વિકૃત થઈ ગઈ છે તેનો આ દાખલો છે. કેટલા દુઃખની વાત છે કે, જે કેશુભાઈએ રાતદિવસ, અંગત સમસ્યાઓ, ચિંતા કર્યા વગર જીવનમાં પાંચ દાયકા જે પાર્ટીને ઉભી કરી તે ભાજપ તેમના પર આવો કાદવ ઉછાળે છે. કેશુભાઈના બલિદાન અને સમર્પણનો કેવો બદલો વાળ્યો ભાજપે?

કેશુભાઈ પટેલ ગુજરાતના સપૂત છે. ગુજરાતી કાયરેય રાષ્ટ્રદ્રોહી હોઈ શકે ખરો? ગુજરાતી કે સરદાર પટેલના વંશજને દેશદ્રોહી કહીને ભાજપે સમગ્ર ગુજરાતની પ્રજાને રાષ્ટ્રદ્રોહી તરીકે ચીતરવાની કોશિશ કરી છે. કેશુભાઈ પટેલ ૫૮ વર્ષથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છે. સંઘ તો હંમેશા રાષ્ટ્ર ઘડતર અને રાષ્ટ્રના નિર્માણના સંસ્કાર આપે છે. રાષ્ટ્રનું સ્વાભિમાન ઉજાગર કરવાની પ્રેરણા આપે છે. સંઘનો સ્વયંસેવક કયારેક રાષ્ટ્રદ્રોહી હોઈ શકે નહીં. સિધ્ધુએ સંઘના સ્વયંસેવકને રાષ્ટ્રદ્રોહી ગણઆવીને આર.એસ.એસ. પર પ્રહાર કર્યો છે.

આ એ સિધ્ધુ છે જેણે થોડા સમય પહેલા એવું નિવેદન કર્યું હતું કે, ગુજરાત તો કંગાળ હતુ મોદીએ

● અનુસંધાન પાના-૭ પર

## માણસા બેઠક પર ત્રિપાંખીયો જંગ જામશે

માણસા, તા. ૩૦ માણસા શહેરમાં આજે વિધાનસભાની બીજા તબક્કાના નામ જાહેર થતા છેલ્લા દિવસે ત્રણ પક્ષોએ ફોર્મ ભરતા હાલ ત્રિપાંખીયા જંગના એંધાણ સાથે બ્યૂગલ વાગી ચૂક્યા છે. આ ત્રિપાંખીયો જંગ ભારે રસાકસી અને ઉત્તેજના જગાવે તેમાં કાંઈ નવાઈ નથી.


પ્રાપ્ત માહિતી મુજબ માણસા ખાતે આજે બીજા તબક્કાના નામ જાહેર થતા કોંગ્રેસના અમિત ચૌધરી તથા ભાજપના ડી.ડી. પટેલ અને પરીવર્તન પાર્ટીના ઉમેદવાર અમરતભાઈ પટેલે ફોર્મ પક્ષના મેન્ડેડ સાથે ભરી ચૂંટણી જંગના શ્રીગણેશ થયા છે.

આ ત્રિપાંખીયો જંગ હવે કોને હાવી થાય છે તે તો આવનાર સમય જ કહેશે પણ ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા પછી જીતના દાવા સાથે મેદાનમાં ઉતરી ગયા છે. આ ત્રિપાંખીયા જંગમાં કદાચ ભારતીય જનતા પાર્ટીને નુકશાન થાય એમ રાજકીય જાણકારો કરી રહ્યા છે અને તેનો સીધો લાભ કોંગ્રેસને થાય તેમાં કોઈ નવાઈ નહી.

# હિંમતનગર બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ

## ગૃહમંત્રી પ્રફુલ પટેલ સામે પૂર્વ મંત્રીના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડા મેદાનમાં

હિંમતનગર, તા. ૩૦ સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર ભાજપ-કોગ્રેસે ઉમેદવારો ની જાહેરત કરી દેતાં લોકોની આતુરતાનો અંત



આવ્યો છે. ભાજપે ગૃહ મંત્રી -ફુલભાઈ પટેલ ઉપર ફરીથી પસંદગી ઉતારી છે. તો સામે કોગ્રેસે ભાજપના પૂર્વ મંત્રી રજણજીતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને મેદાનમાં ઉતારતાં આ બેઠક ઉપર ખરાખરીનો જંગ જામનાર છે.

જિલ્લાની ૭ વિધાન સભા બેઠકો ઉપર ભાજપ અને કોગ્રેસે ઉમેદવારોની જાહેરાત કરતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. હિંમતનગર બેઠક ઉપર ગૃહ મંત્રી -ફુલભાઈ પટેલ અને કોગ્રેસના રાજેન્દ્રસિંહ ચાવડા વચ્ચે સીધેસીધી સ્પર્ધા થનાર છે. ત્યારે લોકોની મીટ આ બેઠક ઉપર મંડાયલી છે. કોગ્રેસના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડા મેદાનમાં આવતાં કોગી કાર્યકરોમાં જોમ પુરાયું છે. હિંમતનગર બેઠક ઉપરના મતદારોનું સમિકરણ જોતાં કૂલ ૨.૧૮ લાખ મતદારો પૈકી ૭૦ હજાર જેટલા ક્ષત્રિય મતદારો છે તે ઉપરાંત ૪૨ હજાર મુસ્લિમ ૩૫ હજાર દલિત અને ૬૦ હજારથી પણ વધારે ઈતર મતદારો તેમજ ૩૦ હજાર જેટલા પાટીદાર મતદારો આ વખતે ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવનાર છે. ક્ષત્રિય, મુસલિક,દલિત અને ઈતર મતો ઉપર કોગ્રેસના ઉમેદવારનું -ભુત્વ છે. ત્યારે ક્ષત્રિય મતો મેળવવામાં ભાજપના ઉમેદવારને કેટલી સફળતા મળશે. તે જોવું રહયું. ગૃહ રાજયમંત્રી -ફુલભાઈ પટેલ વિકાસના મુદ્દે અને હિંમતનગરને મોડલ તાલુકો બનાવવાના મુદ્દે મતદારોને રીજવવા -યાસ કરશે. ભાજપ અને કોગ્રેસ બન્ને ઉમેદવારો મજબુત મનાઈ રહયા છે. ત્યારે મતદારો કોને પસંદ કરશે એ તો ચૂંટણી પછીના પરિણામ જ બતાવશે.

હિંમતનગર સહીત જિલ્લાની ૭ બેઠકો ઉપર ભાજપ કોગ્રેસના ઉમેદવારો જાહેર થતાં ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ ચૂંટણી -ચારના શ્રીગણેશ કરી દીધા છે. તમામ બેઠકો ઉપર ભાજપે ઉમેદવારોને રીપીટ કર્યા છે. કોગ્રેસે પણ પોતાની ૩ બેઠકો ઉપર ચાલુ ધારાસભ્યને ટિકિટ આપી છે. તે ઉપરાંત બાકીની બેઠકો પણ કોગ્રેસે મજબુત ઉમેદવારોને મુકતાં સાતે બેઠકો ઉપર ચૂંટણી રસાકસી ભરી બની રહેનાર છે. ગુજરાત પરિવર્તન પાર્ટીએ પણ તમામ બેઠકો ઉપર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. ત્યારે જીપીપીના ઉમેદવારો મતદારોને કેવી રીતે -ભાવિત કરશે તે જોવું રહ્યું.

### જિલ્લાની ૭ બેઠકો ઉપર ભાજપ-કોગ્રેસના ઉમેદવારો

| બેઠક | ભાજપ | કોગ્રેસ |
|---|---|---|
| હિંમતનગર | -ફુલભાઈ પટેલ | રાજેન્દ્રસિંહ ચાવડા |
| ઈડર | રમણલાલ વોરા | રામભાઈ સોલંકી |
| ખેડબ્રહમા | ભોજાભાઈ મકવાણા | અશ્વિન કોટવા |
| ભિલોડા | નિલાબેન મોડીયા | અનિલ જોષીયા |
| મોડાસા | દિલિપસિંહ પરમાર | રાજુસિંહ ઠાકોર |
| બાયડ | ઉદેસિંહ ઝાલા | મહેન્દ્રસિંહ વાઘે |
| -ંતિજ | જયસિંહ ચૌહાણ | મહેન્દ્રસિંહ બારૈયા |

